ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ભાજપની સરકાર અને પાર્ટીનું સંગઠન લોકલ ઈલેક્શનના માહોલમાં ગળાડૂબ

## કોંગ્રેસના સિનિયર લિડરના મતે પાર્ટી માટે વિજયની તકો ખૂલી શકે છે

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી આવી રહી છે ત્યારે કોબા સ્થિત ભારતીય જનતા પાર્ટીની ઓફિસ સાથે સચિવાલય પણ સજ્જ બન્યું છે. ચીફ મિનિસ્ટર પ્રત્યેક જિલ્લા અને તાલુકાનો

**પાંચ મુદ્દાનો સ્વીકાર થાય તો સફળતા ...**

ગુજરાત કોંગ્રેસમાં ઘણો બદલાવ આવ્યો છે. પ્રદેશ માળખામાં પરિવર્તન અને પ્રદેશ પ્રમુખની કડકાઈ થી પ્રદેશ નેતાઓ અને કાર્યકરોમાં ભય છે.

## સાતમું પગાર પંચ તો સચિવાલયના વૉટ્સએપ મેસેજમાં ફરી રહ્યું છે





રિપોર્ટ મેળવી રહ્યા છે. ક્યાં કેટલા વિકાસ કામો થયા, ક્યાં શું ખૂટે છે, ક્યા વિસ્તારમાં લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને વીજળી, પાણી, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધાઓ અંગેના પ્રૌ મુખ્ય હોય છે. આ પ્રકારના રિપોર્ટ ઓફિસરો પાસેથી મેળવાય છે, જયારે પાર્ટી ઓફિસમાં પ્રદેશ નેતાઓ જિલ્લા અને તાલુકાના આગેવાનોને પૂછે છે કે આપણા ઉમેદવારો કેવા છે, ફરીથી ટીકીટ આપીશું તો જીતી જશે કે નહીં, કોંગ્રેસના ગઢમાં ક્યા ઉમેદવારને

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

પાર્ટી પ્રેસિડેન્ટ ભરતસિંહ સોલંકીએ જયારે એવું કહ્યું કે ભાજપ સાથે સબંધો રાખનારા આગેવાનોની ખેર નથી, ત્યારપછી ટીકીટ મેળવવાની આશા રાખતા જિલ્લા અને તાલુકાના લિડરો બહુ સાવચેત દેખાય છે. એક સિનિયર નેતાએ પાંચ બાબતો પર ભાર મૂક્યો છે ૧. સ્વચ્છ, પ્રતિભાશાળી અને પ્રામાણિક યુવા ઉમેદવારો એક મહિના પહેલા જાહેર થાય. ૨. કોઈપણ ચૂંટણીમાં ભાજપનો એકપણ ઉમેદવાર બિનહરીફ ચૂટાઈ આવવો ન

## યોગા એ પ્રદર્શન નહીં સ્વદર્શન છે, પહેલું સુખ તે જાતે નર્યા હોય છે



મૂકવાથી વિજય મળે, કોંગ્રેસના ક્યા મજબૂત નેતા કે કાર્યકર્તા છે કે જેમને ભાજપમાં પ્રવેશ અપાવી શકાય તેમ છે, આ પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવે છે. રાજકીય મોસમ બોલે છે કે ભાજપ ચૂંટણી જંગ માટે સજ્જ થઈ રહ્યું છે...

જોઈએ. ૩. જે ઉમેદવાર હોય તેને પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકરોનું સમર્થન મળતું જોઈએ. ૪. ભાજપની સરકાર સામે પ્રહારો કરવાની જગ્યાએ આપણે શું કરવા માગીએ છીએ તેનું પ્રજા સમક્ષ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ખાતે આજે વિશ્વ યોગ દિનની ઉત્સાહભેર ઉજવણી સેન્ટ્રલ વિસ્ટા, સચિવાલય સામેની લોન, સેકટર૧૧ ખાતે કરવામાં આવી હતી. વિશ્વ યોગ દિનના કાર્યક્રમનો આરંભ આરોગ્ય રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. મંત્રી શંકરભાઈ ચૌધરીએ પણ યોગની વિવિધ ક્રિયાઓ કરી હતી. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લાના માણસા, દહેગામ અને કલોલ તાલુકામાં પણ વિવિધ સ્થળોએ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં અંદાજે ૩૫૦૦ જેટલા નગરજનો ઉપસ્થિત રહીને યોગ ક્રિયાઓ કરી હતી.

આ પ્રસંગે આરોગ્ય રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઉત્તમદેન એવી યોગ વિધાને વિરાસતમાં આમેજ કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તા. ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આજે સમગ્ર વિશ્વના ખૂણે ખૂણે વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી રહી છે. જેનું નેતૃત્વ ભારત દેશે લીધુ છે, તે વાત આપણા સૌ માટે ગૌરવની છે.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગાંધીનગર ખાતે યોજાયેલ યોગ કાર્યક્રમમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજીભાઈ ઠાકોર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, મહાનગરપાલિકાના પ્રમુખ હંસાબેન મોદી, ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેશભાઈ શાહ, ખાદીગ્રામોધોગ બોર્ડના અધ્યક્ષ વાડીભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કે. એમ. ભીમજીયાણી, નિવાસી અધિક કલેકટર વી. જી. કાલરિયા સહિત અનેક રાજય સરકારના સનદી અધિકારીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસથિત રહ્યાં હતાં.

# સેકટરોમાં રહેણાંક માટે ટાવર કોલોની બનતા હજુ બે વર્ષ લાગશે

## કામ શરૂ કરતા પૂર્વે વિભાગે સમય મર્યાદા વધારવા દરખાસ્ત કરી

ગાંધીનગર તા ૨૧

શહેરમાં સે-૨૯ અને સે-૩૦ માં સરકારી આવાસોના સ્થાને ટાવર કોલોની બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ છે.જયારે ૭ મજલાની આ ટાવર કોલોનીનું નિર્માણ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે.ટાવર કોલોનીના નિર્માણના કામમાં વધુ સમય લાગે તેમ હોવાથી તંત્ર દ્વારા વધુ ૮ મહીનાની મુદત લંબાવવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.જેથી ટાવર કોલોનીના તોતિંગ બિલ્ડિંગ બનતા હજુ બે વર્ષનો સમય લાગશે.

ગાંધીનગરમાં સરકારી આવાસોની હાલત દિનપ્રતિદિન ખંડેર બનતી જાય છે. જયારે સેકટરોમાં નિકાલ હેઠળના જોખમી મકાનો પણ તોડી પાડવામાં આવ્યા છે.સેકટરોમાં નિકાલ હેઠળના જોખમી મકાનો તોડવાનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહયું છે.લાંબા સમયના અંતે ખંડેર અને જોખમી મકાનો દુર કરવાનું કામ હાથ ધરવામાં આવતા સ્થાનિક રહિશોને પણ હાશકારો થયો છે.જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ આ ઠેકાણે નવા મકાનો બનાવવા પણ સરકારી વિભાગ દ્વારા નવી કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે. જેના અંતે સે-૨૯ અને સે- ૩૦માં ૭ મજલાના સરકારી આવાસો બનાવવાનું કામ હાથ ધરવામાં આવનાર છે. સેકટરમાં ટાવર કોલોની બનાવવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ છે.

જયારે ટુંક સમયમાં કામ શરૂ કરી દેવાશે.અગાઉ આ ટાવરો નિર્માણ કરવાનું કામ એક વર્ષમાં પૂર્ણ કરી દેવાનો નિર્ણય લેવાયો હતો. જયારે તંત્ર દ્વારા આ પ્રોજેકટને અનુલક્ષી વિભાગ કક્ષાએ કામગીરીની મુદત લંબાવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં વધુ ૮ મહિનાનો સમય વધારવા સુચવાયું છે. જેથી સેકટરોમાં નવા ટાવરો બાંધવાનું કામ હવે બે વર્ષમાં પૂર્ણ થશે.

## યોગ દિવસની ઉજવણીની સાથે સાથે...

- કુલ ૨૧ પ્રકારના યોગાસનો કરાવવામાં આવ્યા.
- શહેરના વરિષ્ઠ નાગરિકો સહિત વિવિધ શાળાના બાળકો-શિક્ષકો પણ જોડાયા હતા.
- સ્વર્ણિમ પાર્કની લોનમાં જગ્યા ઓછી પડતા આજુબાજુની જગ્યાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ૪ વિશાળ એલઈડી સ્ક્રીન પર ઓડિયો વિઝ્યુઅલ સાથે યોગાસનો દર્શાવાયા હતા.
- મહાત્મા મંદિર ખાતે યોગાસનમાં નગરની સામાજિક સંસ્થાઓ જોડાઈ હતી.
- બ્રહ્માકુમારીઝની વયસ્ક બહેનોએ સ્ટેજની એક તરફ મુકવામાં આવેલા સોફા પર યોગ ક્રિયાઓ કરી હતી.
- અનેક નાગરિકો યોગ કરતા કરતા 'સેલ્ફી' લેતા નજરે ચઢ્યા હતા.
- ત્રિકોણસન દરમ્યાન એક બાળક ગબડી પડ્યો હતો પણ સદ્ભાગ્યે કોઈ ઈજા પહોંચી નહોતી.
- સેન્ટ્રલ વિસ્ટા ખાતે રોજ વ્યાયામ કસરત કરવા આવતા લોકો પણ ઉજવણીમાં જોડાઈ ગયા હતા.
- અનેક નાગરિકોએ પોતાના અલગ ગૃપ બનાવી સેન્ટ્રલ વિસ્ટાના બીજા ભાગમાં યોગાભ્યાસ કર્યો હતો.
- નાગરિક સંરક્ષણદળ યુનિટના જવાનો યોગ દિવસમાં જોડાયા.

# જિલ્લાના પ્રભારીમંત્રી નીતિન પટેલનો આજે જન્મદિન : માણસામાં રક્તતુલા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના પ્રભારી



મંત્રી શ્રી નીતિન પટેલની યુવા મોરચા દ્વારા રક્તતુલા કરવાનો એક કાર્યક્રમ આજે માણસા ખાતે યોજવામાં આવ્યો છે.

જિલ્લા યુવા મોરચા દ્વારા વિવિધ સ્તરો પર રક્તદાન કેમ્પોનું આયોજન કરી આ રક્તતુલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલનો આજે જન્મ દિવસ પણ છે. જિલ્લાના માણસા ખાતે સાંજે ૬ વાગે આ રક્તતુલા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

શ્રી નીતિન પટેલના જન્મદિન નિમિત્તે તેમના વતન કડી ખાતે પણ સવારે રક્તતુલાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.




ફિલ્મ સંગીતની ચોપાટ - સંસ્કૃતિ સંસ્થા દ્વારા ટાઉનહોલ ખાતે શનિવારે સાંજે ભાવનગરની સૂરીલી સાંજ દ્વારા યોજાયેલ 'વો જબ યાદ આયે બહોત યાદ આયે' ફિલ્મી ગીતોનો સદાબહાર કાર્યક્રમ યોજાયો હતો. રાજેશ વૈષ્ણવ અને સાથી કલાકારો દ્વારા રજૂ કરાયેલા કાર્યક્રમને પ્રેક્ષકોએ મનભરીને માણ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર ડેપોની બસમાં ૬૮૦૦ કિલોમીટરનું સંચાલન વધ્યું

## સરકારે ડ્રાઇવર કંડકટરોની ફરજમાં ૨૦૦ કીલોમીટર ફરજિયાત કરી દેતા મુસાફરોને પણ વધુ ટ્રીપોથી ફાયદો

ગાંધીનગર તા ૨૧

એસ ટીના ડ્રાઈવર કંડકટરોને ફરજના ૨૦૦ કીલોમીટર ફરજિયાત કરી દેવાતા ગાંધીનગર ડેપોની બસોનું ૬૮૦૦ કીલોમીટર જેટલુ સંચાલન વધી ગયુ છે.જેના પરિણામે મુસાફરોને પણ સીધો ફાયદો મળી રહયો છે.

સરકાર દ્વારા એસ ટી ના ડ્રાઈવર કંડકટરોને ફરજના ૨૦૦ કીલામીટર ફરજિયાત કરી દેવાતા મુસાફરોને સલામત સવારીનો વધુ લાભ મળી રહયો છે. જયારે એસ ટી ની ટ્રીપોમાં પણ વધારો થયો છે.

એસ ટી બસના ડ્રાઈવર

● અનુસંધાન પાન-૭ પર

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.:
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

# જીપીએસસીની પરીક્ષાનું પેપર લાંબુ અને અઘરુ

## ડેપ્યુટી સેક્શન અધિકારી અને ડેપ્યુટી મામલતદારનું પેપર લાંબુ અને અઘરૂ રહેતા ઉમેદવારો નિરાશ : પેપરમાં 'દુનિયાભરના વર્તમાન પ્રવાહ'ના વિષયના કુલ ૨૩ પ્રશ્નો પુછાયા : ઉમેદવારોનો ઉત્સાહ છીનવાઈ ગયો : સમય ખુટ્યો હોવાની અનેક ફરિયાદો

ગાંધીનગર, તા. ૨૧

જી.પી.એસ.સી.ની આજે લેવાયેલી નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદારની પ્રારંભિક સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપર લાંબુ અને અઘરૂ નીકળતા ઉમેદવારોના ચહેરા પર નિરાશા વ્યાપી જવા પામી હતી. પેપરમાં વર્તમાન પ્રવાહ વિષય પર વધારે ભાર મુકવામાં આવતા ઉમેદવારો વધુ મુંઝવણ અનુભવતા હતા. જ્યારે પરીક્ષામાં ગેરહાજર ઉમેદવારોની સંખ્યા પણ વધારે હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આજે ૫૦૦ થી વધુ નાયબ મામલતદાર અને નાયબ સેક્શન અધિકારી વર્ગ-૩ની ખાલી જગ્યાઓ માટે પ્રારંભિક લેખિત પરીક્ષા રાજ્યભરમાં વિવિધ કેન્દ્રો પર યોજાઈ હતી. જેમાં અંદાજિત દોઢ લાખથી વધુ ઉમેદવારો પરીક્ષા આપી હતી.

આજે લેવાયેલી આ પરીક્ષામાં કુલ ૧૦૦ માર્કસનું ૧૦૦ ગુણ સામાન્ય અભ્યાસનું પેપર લેવાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com